# E- Application કરવા માટેની સૂચનો

- અરજાદારે ભાષાની પસંદગી કરવી. (ગુજરાતી / અંગ્રેજી)
- માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ ૧૯(૩) હેઠળ બીજીઅપીલ અથવા કલમ ૧૮(૧) મુજબ ફરિયાદ કરવા માટે કોઈ એક વિકલ્પની પસંદગી કરવી. (Form Link)
- અરજદાર આયોગ સમક્ષ બીજીઅપીલ અથવા ફરિયાદનું ફોર્મ ઉપર દર્શાવેલ લીન્ક પરથી ડાઉનલોડ કરી, વિગતવાર ભરી સહિ સાથે અપલોડ કરવાનું રહેશે.
- નમુનો-ક (જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી માંગતો પત્ર) સ્પષ્ટપણે વંચાય તેવી રીતે અપલોડ કરવો. (બીજીઅપીલ કે ફરિયાદમાં એક કરતાં વધારે નમુનો-ક અપલોડ કરવા નહીં, એકજ નમુના-ક માં બીજીઅપીલ અથવા ફરિયાદ દાખલ થઈ શકશે.)
- જાહેર માહિતી અધિકારી દ્વારા અન્ય જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવી હોય તો ☑ "હા" વિકલ્પ પસંદ કરી નકલ અપલોડ કરવાની રહેશે. જો અન્ય જા.મા.અધિ.ને તબદીલ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં ☑ "ના" વિકલ્પ પસંદ કરવો (એક કરતાં વધારે જા.મા.અધિ.ને તબદીલ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં તારીખ પ્રમાણે એક સાથે અપલોડ કરવા.)
- જાહેર માહિતી અધિકારી દ્વારા જવાબ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ☑ "હા" વિકલ્પ પસંદ કરી નકલ અપલોડ કરવાની રહેશે. જાહેર માહિતી અધિકારી દ્વારા જવાબ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં ☑ "ના" વિકલ્પ પસંદ કરવો. (જા.મા.અધિ. ના જવાબની નકલો એક કરતાં વધારે હોય તેવા કિસ્સામાં તારીખ પ્રમાણે એક સાથે અપલોડ કરવા.)
- અરજદાર આયોગ સમક્ષ બીજી અપીલ દાખલ કરતા હોય તેવા કિસ્સામાં પ્રથમ અપીલની નકલ અપલોડ કરવી ફરજીયાત રહેશે.
- પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા હુકમ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ☑ "હા" વિકલ્પ પસંદ કરી હુકમની નકલ અપલોડ કરવાની રહેશે. જો પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા હુકમ કરવામાં આવેલ ના હોય તેવા કિસ્સામાં ☑ "ના" વિકલ્પ પસંદ કરવો.
- અરજદાર દ્વારા બધીજ વિગતો સંપૂર્ણ ભર્યા તથા અપલોડ કર્યા બાદ છેલ્લે સબમીટ બટનપર ક્લિક કરવું ફરજીયાત છે. ત્યાર બાદ જ અરજી માન્ય ગણાશે.
- સબમીટ કર્યા બાદ એક ઈનવર્ડ નંબર મળશે, જે આયોગને અરજી પ્રાપ્ત થયાનો આધાર માનવામાં આવશે. આપને મળેલ ઈનવર્ડ નંબરથી જ આપણી અરજી વિશે પૂછપરછ કરી શકાશે.
- અરજદારે પોતાની વિગત સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ સબમિટ કરવુ.

- બીજીઅપીલ કે ફરિયાદની વિગતો આયોગ ધ્વારા ચકાસ્યા બાદજ અપીલ કે ફરિયાદ દાખલ કરવામાં આવશે.
- કુંદડી (*) માર્કા વાળી વિગતો અપલોડ તથા ભરવાની રહેશે.

ખાસ નોંધ- અરજદાર આયોગ સમક્ષ E- Application દ્વારા અરજી કરેલ હોય તેવા કિસ્સા માં અરજદારે ઓનલાઈન સબમિશન પછી કોઈ હાર્ડ કોપી આયોગમાં મોકલવાની જરૂર રહેતી નથી.